# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-01-2026** **Midday : 2.30 TO 2.35 PM**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

.....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# PM - MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને , ખાસ કરીને ઉદ્યોગ અને સ્ટાર્ટ-અપ્સ સાથે સંકળાયેલા યુવાનોને ગુણવત્તા પર ભાર મૂકવા વિનંતી કરી છે. આજે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં પોતાના વિચારો વ્યક્ત કરતા શ્રી મોદીએ કહ્યું કે , ભારતનું અર્થતંત્ર ઝડપથી પ્રગતિ કરી રહ્યું છે અને ભારત પર વિશ્વની નજર છે. તેમણે લોકોને દેશમાં ઉત્પાદિત થતી દરેક વસ્તુની ગુણવત્તા સુધારવા માટે સંકલ્પ લેવા હાકલ કરી.

(બાઇટ : PM-MODI-ON-QUALITY)

શ્રી મોદીએ ગુજરાતના બેચરાજીના ચંદનકી ગામની અનોખી પરંપરાનો ઉલ્લેખ કર્યો જ્યાં આખા ગામ માટે ભોજન સામૂહિક રસોડામાં રાંધવામાં આવે છે અને લોકો સાથે બેસીને જમવા બેસે છે.

(બાઇટ : PM-MODI-ON-COMMUNITY-KITCHEN)

રાષ્ટ્રીય મતદાતા દિવસ પર શ્રી મોદીએ કહ્યું કે , મતદાતા લોકશાહીનો આત્મા છે. જ્યારે પણ કોઈ યુવાન પહેલી વાર મતદાર બને છે , ત્યારે સમગ્ર વિસ્તાર, ગામ કે શહેરે તેને અભિનંદન આપવા જોઈએ.

(બાઇટ : PM-MODI-ON-YOUTH-VOTER)

. . . . . . . . . .

# CM VAV THARAD

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે થરાદ ખાતે અંદાજે 70 કરોડ રૂપિયાના ખર્ચે 39 એકરના વિસ્તારમાં નિર્માણ થનારા વાવ-થરાદ જિલ્લા સેવા સદનનું ભૂમિપૂજન કર્યું. આ નવા જિલ્લા સેવા સદનમાં જિલ્લા કલેક્ટર કચેરી સહિત રાજ્ય સરકારના વિવિધ વિભાગોની 30થી વધુ જિલ્લા સ્તરીય કચેરીઓ કાર્યરત કરાશે , જેના પરિણામે જિલ્લાના નાગરિકોને એક જ સ્થળેથી સરકારના વિવિધ વિભાગોની સેવાઓ સરળતાથી પ્રાપ્ત થશે અને વહીવટી કાર્યક્ષમતામાં વધારો થશે.

શ્રી પટેલે આજે થરાદના દુધશીત કેન્દ્ર ખાતે સશક્ત નારી મેળો શુભારંભ કરાવ્યો તથા ગૌભક્તો સાથે સંવાદ પણ કર્યો.

. . . .

# IMPORTANT ANNOUNCEMENT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ 77 મા પ્રજાસત્તાક દિવસની પૂર્વસંધ્યાએ આજે રાષ્ટ્રને સંબોધન કરશે. આ સંબોધનનું પ્રસારણ આકાશવાણીની તમામ રાષ્ટ્રીય ચેનલો પર સાંજે 7 વાગ્યાથી પ્રસારિત થશે જેના કારણે આજે સાંજના પ્રાદેશિક સમાચાર 7.10 વાગ્યાને બદલે સાંજે 6 વાગે પ્રસારિત થશે , જેની તમામ શ્રોતા મિત્રોએ નોંધ લેવા લેવી.

. . . . . . . . . . .

# PRESIDENTIAL MEDAL

પ્રજાસત્તાક દિવસના અવસર પર રાજ્યના 16 પોલીસ અધિકારી અને જવાનોને રાષ્ટ્રપતિ દ્વારા પોલીસ ચંદ્રકોની જાહેરાત કરવામાં આવી છે. રાજ્ય પોલીસની વિશિષ્ટ અને પ્રશંસનીય સેવાઓને માન આપતાં આ સન્માન જાહેર કરવામાં આવ્યું છે. આ યાદીમાં IPS નિપુણા તોરવણે અને શૈલેષસિંહ રઘુવંશીને 'વિશિષ્ટ સેવા પોલીસ મેડલ જ્યારે અન્ય 14 અધિકારી અને જવાનોને 'પ્રશંસનીય સેવા પોલીસ મેડલ' માટે પસંદગી કરવામાં આવી છે.

. . . . . . . . .